# <u>અમદાવાદના મે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ</u>

**ક્રિ.કેસ નં. *63461/19***

## <u>આંક –૧ લગત હુકમ</u>

(૧) સદરહું કામે તપાસ કરનાર અમલદારે હાલના આરોપી સામે બોમ્બ પોલીસ એકટની કલમ ૧૪૨ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) મજકુર કેસની હકીકત જોતા હાલના આરોપીએ બી.પી.એકટ કલમ પ૬ / પ૭ અંતગર્ત સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદનાએ કરેલ હુકમ મુજબ અમદાવાદ જીલ્લાની હદથી તડીપાર કરતો હુકમ કરેલ, અને તે હુકમ હોવા છંતા હાલના આરોપીએ વગર પરવાનગીએ અમદાવાદ જીલ્લાની હદમાં પ્રવેશ કરી પકડાઈ જઈ જી.પી.એકટની કલમ–૧૪૨ મુજબનો ગુનો કરેલ હોઈ પોલીસે એફ.આઈ.આર દાખલ કરી તપાસના કાગળો અને ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતે અત્રેની અદલતમાં ચાર્જશીટ રજુ થતાં મારા પુરોગામી વિ.ન્યાયાધિશશ્રી ધ્વારા સીઆરપીસી કલમ ૧૯૦ (૧) (ખ) અંતગર્ત કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.પંરતુ સદરહુ કેસનુ બારીકાઈથી નિરીક્ષણ કરતાં આરોપી સામે જયારે જી.પી.એકટ ૧૪૨ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ, સદરહુ ગુનો કોગ્નીજેબલ છે કે નોન કોગ્નીજેબલ તે હકીકત મહત્વની બની જાય છે. આ બાબતે ગુજરાત પોલીસ એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં કલમ–૬૨ માં આ પ્રકારના કીસ્સાઓ બાબતેની કાર્યવાહીની જોગવાઈઓ કરવામાં આવેલ છે. તે મુજબ જયારે જી.પી.એકટની કલમ પપ, પ૬, પ૭ કે પ૭(એ) હેઠળનો કોઈ વ્યકિત વિરૂઘ્ધ આદેશ કરવામાં આવે ત્યારે તેવી વ્યકિતને આદેશ મુજબ જિલ્લાની હદ બહાર મોકલવામાં આવશે અને તે પુર્વ પરવાનગી વગર તે જિલ્લાની હદમાં દાખલ થઈ શકશે નહી. અને તે વ્યકિતએ આવા હુકમનો ભંગ કરીને જિલ્લાની હદમાં પ્રવેશ કરે તો પોલીસ જી.પી.એકટની કલમ–૭ર(ર) અંતગર્ત તેવી વ્યકિતને વગર વોંરટે એરેસ્ટ કરી શકાશે, અને તે રીતે જી.પી.એકટની કલમ ૭૯ જોતાં પોલીસની હાજરીમાં કલમ–૧૧૦, ૧૧૭, ૧૨પ, ૧૩૦ અને ૧૩૧ની પેટા કલમ (૧)(૪) અથવા (પ) અને કલમ–૧૩પ ની પેટા કલમ (૧) અને કલમ ૩૯ અને ૪૦ ના ઓર્ડરના ભંગના બદલના ગુના સબબ કોઈપણ આરોપીની વગર વોરંટે ધરપકડ કરી શકાશે.

(૪) આથી ઉપરોકત તમામ જોગવાઈઓ તથા જી.પી.અકેટની કલમ–૭૨ વાંચતા જી.પી.એકટ કલમ પ૬, પ૭ , પ૭ (એ) ના હુકમના ભંગ બદલ કોઈ આરોપી મળી આવે તો માત્ર વગર વોરંટે ધરપકડ કરી શકવાના અધિકાર કાયદાએ આપેલા છે. આ સિવાય અન્ય કોઈ જોગવાઈ કોગ્નીજેબલ કે નોન–કોગ્નીજેબલ માટે દર્શાવેલ નથી.

(પ) હવે જયારે ગુજરાત પોલીસ એકટમાં કલમ–૧૪૨ કોગ્નીજેબલ કે નોન કોગ્નીજેબલ છે, તે બાબતે સાયલન્ટ હોય ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિંઘ્ધાતો એટલે કે સીઆરપીસી કલમ ૪(ર)ની જોગવાઈ જોતા સીઆરપીસીની જોગવાઈઓ લાગુ પાડી શકાય અને સીઆરપીસીમાં કોગનીજેબલ અને નોન કોગ્નીજેબલ ગુનાની વ્યાખ્યા આપેલ છે, તે જોતાં આઈપીસીના ગુનાઓ બાબતે અનુસુચી–૧ પાર્ટ–૧ માં જોગવાઈઓ કરેલ છે, જયારે આઈપીસી સિવાયના અન્ય કાયદાઓના ગુના સબબ સીઆરપીસી અનુસુચી–૧ પાર્ટ–ર માં જોગવાઈ કરેલ છે તે મુજબ

જે ગુનાની સજા ત્રણ વર્ષ કરતા ઓછી અથવા દંડ અથવા બંને હોય તો તેવા ગુનાઓનો સમાવેશ નોન કોગ્નીજેબલ ગુનાઓમાં કરવામાં આવેલ છે.

(૬) હવે જી.પી.એકટ કલમ–૧૪૨ ના ગુનામાં સજાની જોગવાઈ જોઈએ તો મહતમ સજા બે વર્ષ સુધીની છે, અને ઉપર ચર્ચા કર્યા મુજબ જયારે જી.પી.એકટમાં સદર ગુનો કોગ્નીજેબલ હોવા બાબતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં સીઆરપીસીની કલમ ૪(૨) ની જોગવાઈઓ ધ્યાને લેતાં સીઆરપીસીની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેમ હોય, તેથી સીઆરપીસી શીડયુલ–૧ પાર્ટ ૨ ની જોગવાઈઓ ધ્યાને લેતાં તથા જી.પી. એકટની કલમ–૧૪૨ ના ગુનાની મહતમ સજાને ધ્યાને લેતાં સદર ગુનો નોન કોગ્નીજેબલ ગુનો ગણી શકાય.

(૭) હવે જી.પી.એકટની કલમ–૭૨(૨) કે જેમાં જી.પી.એકટ કલમ–૧૪૨ ના ગુના બાબતેની કાર્યવાહીનો ઉલ્લેખ કરેલ છે, અને તેજ રીતે જી.પી.એકટની કલમ ૭૯, ૮૦ માં જી.પી.એકટના બીજા ગુનાની કાર્યવાહી દર્શાવેલ છે, અને બંનેની કાર્યવાહી એકસરખી છે, બંને જોગવાઈઓમાં માત્ર પોલીસને વગર વોરંટે ધરપકડ કરવાના પાવર્સ આપેલા છે, અને તે હકીકતને ટાંકીને નામદાર વડી અદાલતે ક્રીમી.મી.એ.નં.૧૫૨૨૬/૦૭ કે જે વાઘરી જયોત્સનાબેન ગોવીંદભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર વગર વોરંટ ધરપકડ કરવાના અધિકારથી જ ગુનો કોગ્નીજેબલ બની જતો નથી , અને તેથી તપાસ કરનાર અમલદાર સીઆરપીસીની કલમ–૧૫૫ (૨)ની પરવાનગી સિવાય આવા ગુનામાં તપાસ કરી શકે નહી અને આવો કોઈ કીસ્સો બને તો પ્રથમ સીઆરપીસીની કલમ–૨(ડી) મુજબની ફરીયાદ દાખલ કરી કોર્ટ પાસેથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળની તપાસ કરી શકાય અને દેખીતી રીતે જ જયારે સીઆરપીસીની કલમ–૧૫૫(૨)ની જોગવાઈઓનો ભંગ થયેલ હોય ત્યારે સમગ્ર ટ્રાયલ દુષિત ગણાય.

(૮) વિ.એ.પી.પીશ્રીને પણ આ બાબતે સાંભળતા તેમના તર્ફે સખત વાંધો ઉઠાવી રજુઆત કરેલ છે કે બી.પી.એકટ કલમ–૧૪૨ નો ગુનો કોગ્નીજેબલ ગણાય અને તે બાબતે તેઓએ અવિનાશ મધુકરનો ૨૭ જુન ૧૯૮૩નો બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો રજુ કરેલ છે, તે પણ માનસર વંચાણે લેતા તેના પેરા– (૧૦) ની હકીકતે ના.કોર્ટનુ ફાઈનલ કન્કલુઝન નથી અને ફાઈનલ કન્કલુજન જોતાં બી.પી.એકટ કલમ– ૧૨૪ ના ગુનાને નોન કોગ્નીજેબલ ગણવામાં આવેલ છે, અને તેથી વિધ્વાન એ.પી.પી.શ્રીનો વાંધો ઉપરોકત તમામ ચુકાદાઓની સાથે સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના વાઘરી જયોત્સનાબેનના ચુકાદાને આધીન ગ્રાહય રાખવામાં આવતો નથી. તે જ રીતે અન્ય ચુકાદાઓ જોઈએ તો '' ૨૦૦૦ (૦) (ક્રિ.લો.જર્નલ) શીવાનંદ ગીરધર નાયક વિરૂધ્ધ સીનીયર ઈન્સ્પેકટર ઓફ પોલીસ તથા પાઉલરાજ જોસેફ નદર વિ. ભાવેનો નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો કે જેમાં અવિનાશના ચુકાદાને ટાંકીને નામદાર બોમ્બે હાઈકોર્ટ બી.પી.એકટ કલમ–૭૨ ની ચર્ચા કરી બી.પી. એકટની કલમ ૩૩(૧)(ડબલ્યુ)ની સાથે કલમ ૧૩૧ વાંચતા તે ગુના નોન કોગ્નીજેબલ હોવાનું તારણ આપેલ છે.

(૯) વળી, જી.પી.એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં માત્રને માત્ર કલમ ૯૦ એ,૧૧૮ અને ૧૪૩ બી ને કોઝનીજેબલ ઓફેન્સ તરીકે સ્પેશીફીકલી દર્શાવેલ છે, તે હકીકતને પણ ધ્યાને લેતાં લેજીસલેચરનો ઈરાદો સ્પષ્ટ થાય છે કે તે સિવાયના જી.પી.એકટ મુજબના ગુના કોગ્નીજેબલ ગણી શકાય નહી અને જયારે સ્પેશિયલ એકટમાં સીધીજ જોગવાઈઓ કરેલ હોય ત્યારે તે ધ્યાને લઈ શકાય, અને તે રીતે જોતાં પણ જી.પી.એકટ કલમ–૧૪૨ મુજબનો ગુનો નોન કોગ્નીજેબલ ગણી શકાય.

(૧૦) આમ ઉપરોકત સમગ્ર કેસ લો તથા જી.પી.એકટની કલમ–૬૨, ૬૬, ૭૨, ૭૯, ૮૦ ની સાથે સીઆરપીસીની કલમ–૪(૨)અને અનુસુચી–૧ પાર્ટ –૨ વંચાણે લેતાં જી.પી.એકટની કલમ–૧૪૨ મુજબનો ગુનો નોન કોગ્નીજેબલ હોવાનુ નિર્વિવાદપણે ફલીત થાય છે, અને જયારે ગુનો નોન કોગ્નીજેબલ હોય ત્યારે આઇઓએ સીઆરપીસીની કલમ–૨(ડી) મુજબ લેખીત ફરીયાદ કરી સીઆરપીસીની કલમ–૧૫૫ (૨) મુજબ કોર્ટની પરવાનગીથી આગળની તપાસ કરવી જોઇએ જે હાથ પરના કેસમાં થયેલ જણાતુ નથી અને તપાસ કરનાર અમલદારે સીધેસીધી સીઆરપીસી કલમ–૧૫૪ મુજબનો પ્રથમ બાતમી અહેવાલ નોંધી આગળની તપાસ કરેલ હોય જે પ્રથમ દર્શનીય રીતે જ સમગ્ર કાયદાને દુષીત બનાવતી હોઈ અને કાયદાની આદેશાત્મક જોગવાઈઓ પાલન થયેલ ન હોય સદર કામ સીઆરપીસી કલમ–૧૫૫(૨) થી સંર્પુણપણે બાધીત થવાનુ ફલીત થતુ હોય, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના નોટીફીકેશન નંબરઃ૨/૨૦૧૯ તાઃ ૬/૯/૨૦૧૯ ધ્વારા સ્પેશીયલ સીટીંગ અન્વયે સદર કામ સબબ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## હુ ક મ

સદરહુ કેસની કાર્યવાહી સીઆરપીસીની કલમ–૧૫૫(૨)થી બાધીત હોય ફરીયાદી ને કાયદા મુજબના યોગ્ય પગલા લેવાની છુટ સાથે હાલની કાર્યવાહી સીઆરપીસી કલમ–૨૫૮ અંતર્ગત ડ્રોપ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ.વાય.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા. ૧૪.૧૨.૨૦૧૯